પોતાની જ સરકાર સામે ભાજપના પૂર્વ ઉપપ્રમુખનો બળવો | ૨૦૨૭ની ચૂંટણીમાં નેતાઓને પરચો બતાવવાની ખુલ્લી ચેતવણી

# માતરમાં પાણી મુદ્દે ૨ દિવસનું અલ્ટીમેટમ

**બે દિવસમાં ડાંગરનો** પાક બચાવવા પાણી નહીં મળે તો ત્રીજા દિવસે યોજના બંધ કરાશે



(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

ખેડા જિલ્લાના માતર તાલુકામાં વરસાદ ખેંચાતા ડાંગરનો પાક સુકાઈ રહ્યો છે, જેના લીધે જગતનો તાત ભારે આર્થિક નુકસાનીની ચિંતામાં મુકાયો છે. ખેડૂતોની આ વેદનાને વાચા આપવા માટે શાસક પક્ષ ભાજપના જ પૂર્વ જિલ્લા ઉપપ્રમુખ ચંદ્રેશ પટેલે પોતાની સરકાર અને તંત્ર સામે મોરચો માંડ્યો છે. તેમણે નડિયાદ કલેક્ટર કચેરીમાં આવેદનપત્ર પાઠવીને ૨ દિવસમાં પાણી આપવાની માંગ સાથે ઉગ્ર આંદોલન છેડવાની ગર્ભિત ધમકી આપી છે.

માતર તાલુકાના લીંબાસી પંથકમાં ચાલુ વર્ષે જુલાઈમાં સાર્વત્રિક વરસાદ પડ્યા બાદ ખેડૂતોએ મોંઘા ભાવના બિયારણ અને ખાતરનો મોટો ખર્ચ કરીને ડાંગરની રોપણી કરી હતી. પરંતુ હવે મેઘરાજાએ લાંબો વિરામ લેતા લાખો રૂપિયાનો ખર્ચ માથે પડે તેવી નોબત આવી છે. આ વિસ્તારની ખેતી સંપૂર્ણપણે કેનાલ પર નિર્ભર છે અને બોરવેલના પાણી અતિશય ખારા હોવાથી ખેતી માટે શક્ય નથી. આથી, ખેડૂતોએ દિવાળી સુધી મહી કેનાલમાં નર્મદાનું પાણી વહેવડાવવાની માંગ કરી છે.

આવેદનપત્ર આપવા પહોંચેલા ખેડૂત આગેવાન ચંદ્રેશ પટેલે ઉગ્ર આક્રોશ ઠાલવતા તંત્રને ખુલ્લી ચીમકી આપી છે કે, જો કોઈ પણ અધિકારી મનમાની કરીને વિસ્તારમાં આવશે તો તેના ટાંગા દબાઈ જશે. જો બે દિવસમાં પાણી નહીં મળે તો ત્રીજા દિવસે પાણી પુરવઠા યોજના બંધ કરી દેવાશે. વધુમાં, આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી યાદ અપાવતા તેમણે જણાવ્યું કે, જો પાણી નહીં મળે તો ખેડૂતો અનશન કરવા કે મરવા-મારવા પણ તૈયાર છે અને મત માંગવા આવતા નેતાઓએ ભીખ માંગવાનો વારો આવશે.

### કડાણા ડેમમાં પાણીની આવક ઓછી હોવાથી હાલ નહેરમાં પાણી છોડવું અશક્ય

નહેરમાં પાણી છોડવાની ઉગ્ર માંગ સામે નડિયાદ મહી સિંચાઈ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર હાર્દિક વડગામાએ જણાવ્યું હતું કે, હાલ કડાણા ડેમમાં પાણીની આવક ખૂબ જ ઓછી છે. સમગ્ર સિસ્ટમ વરસાદ આધારિત હોવાથી હાલ ડેમમાં પાણીનો આવરો ન હોવાને કારણે નહેરમાં પાણી ચાલુ કરી શકાય તેમ નથી. આગામી સમયમાં જ્યારે વરસાદ પડશે અને ડેમમાં નવું પાણી આવશે, ત્યારબાદ જ પાણી છોડવા અંગે યોગ્ય નિર્ણય લઈ શકાશે.

# ચરોતરના ખેડૂતોને સિંચાઈ માટે મોડી સાંજ સુધી પાણી અપાશે

**ખેડૂતોના પ્રતિનિધિ** મંડળે રાજ્ય કક્ષાના મંત્રી ઈશ્વરભાઈ પટેલને રજૂઆત કરી



(પ્રતિનિધિ) આણંદ તા.૨૫

ચરોતરમાં વરસાદ ખેંચાવાના કારણે ખેડૂતો માટે સિંચાઈના પાણીની ભારે જરૂરિયાત ઊભી થઈ છે. આ વિકટ પરિસ્થિતિમાં પાકને બચાવવા માટે ખેડૂતોના એક પ્રતિનિધિમંડળે રાજ્ય કક્ષાના મંત્રી ઈશ્વરભાઈ પટેલ સાથે મુલાકાત કરી સિંચાઈનું પૂરતું પાણી મેળવવા રજૂઆત કરી હતી.

ચાલુ સિઝનમાં વરસાદ ખેંચાતા ખેતી પાકો સુકાઈ જવાની ભીતિ વચ્ચે ખેડૂતો સિંચાઈના પાણી માટે ચિંતિત બન્યા હતા. આ પ્રશ્નના તાકીદના ઉકેલ માટે ખેડૂતોના પ્રતિનિધિઓએ મંત્રી સમક્ષ રજૂઆત કરી પાણીની માગ કરી હતી. ખેડૂતોની આ રજૂઆતને ગંભીરતાથી ધ્યાને લઈ મંત્રી ઈશ્વરભાઈ પટેલે હકારાત્મક વલણ અપનાવ્યું હતું અને મોડી સાંજ સુધીમાં સિંચાઈનું પાણી છોડવાની મંજૂરી આપી દીધી હતી. આ રજૂઆત અને બેઠક પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રી કમલેશભાઈ પટેલ, રાજ્ય કક્ષાના મંત્રી સંજયસિંહ મહિડા, સાંસદ મિતેષભાઈ પટેલ તેમજ ધારાસભ્ય ચિરાગભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## લુણાવાડામાં ઋષિ-મુનિઓની વેશભૂષામાં વિદ્યાર્થીઓ સાથે શોભાયાત્રા નિકળી



મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે સમગ્ર મહીસાગર જિલ્લામાં 'સંસ્કૃત સપ્તાહ'ની અત્યંત ઉત્સાહભેર અને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે જિલ્લા મથક લુણાવાડા ખાતે એક વિશાળ સંસ્કૃત સપ્તાહ શોભાયાત્રા રેલીનું આયોજન કરાયું હતું, જેમાં એક હજારથી વધુ શાળાના વિદ્યાર્થીઓ પ્રાચીન સંસ્કૃતિને ઉજાગર કરતી વિવિધ આકર્ષક વેશભૂષાઓ સાથે જોડાયા હતા. આ ઉજવણીમાં મહીસાગર કલેક્ટર, લુણાવાડા નગરપાલિકાના પ્રમુખ ડોક્ટર કીર્તિ પટેલ, જિલ્લા શિક્ષણ અધિકારી નિલેશકુમાર મુનિયા સહિત મોટી સંખ્યામાં સ્થાનિક અગ્રણીઓ અને નગરજનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ પ્રસંગે જિલ્લા શિક્ષણ અધિકારી નિલેશકુમાર મુનિયાએ જણાવ્યું હતું કે, સંસ્કૃત એ આપણી સમૃદ્ધ અને પ્રાચીન સંસ્કૃતિની મૂળ ભાષા છે. બાળકોમાં સંસ્કૃત ભાષા પ્રત્યે પ્રેમ વધે, તેનો વ્યાપ વિસ્તારાય અને દેવનાગરી લિપિનો યોગ્ય વિકાસ થાય તે મુખ્ય આશય સાથે આ સમગ્ર સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે.

વીરપુર અર્બન બેંકમાં પિનાકીન શુકલનો દબદબો યથાવત્

# વીરપુર અર્બન સહ.બેંકની ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલ બિનહરીફ થઈ

**તમામ ૧૨ બેઠકો પર** સુશિક્ષિત પેનલનો ભવ્ય વિજય

(પ્રતિનિધિ) વીરપુર તા.૨૫

મહીસાગર જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન પિનાકીન શુકલ અને બેંકના ચેરમેન ભૂપેન્દ્રકુમાર મહેતાની આગેવાની હેઠળની સુશિક્ષિત પેનલનો બિનહરીફ જાહેર કરવામાં આવી છે. આ પરિણામ સામે અર્બન બેંકમાં પિનાકીન શુકલનો દબદબો ત્રણ દાયકા બાદ પણ યથાવત્ જોવા મળ્યો છે.

વીરપુર અર્બન સહકારી બેંક લીની ઓગસ્ટ - ૨૦૨૬ ની વ્યવસ્થાપક-કમિટીની ચૂંટણીમાં મોટો સહકારી સુમેળ જોવા મળ્યો છે. મહીસાગર જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન પિનાકીન મુકેશભાઈ શુકલ તથા બેંકના ચેરમેન અને વીરપુરના સરપંચ ભૂપેન્દ્રકુમાર રમણલાલ મહેતાના નેતૃત્વ હેઠળ એક સુશિક્ષિત પેનલ સર્વાનુમતે નક્કી કરવામાં આવી હતી. આ નક્કી કરાયેલી આખી પેનલ સામે અન્ય કોઈ પ્રતિસ્પર્ધી ન હોવાથી સદર પેનલ બિનહરીફ વિજયી જાહેર કરવામાં આવી છે. બિનહરીફ વરણી થતાં જ સહકારી ક્ષેત્રના અગ્રણીઓ અને બેંકના સભાસદોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

સહકારી ક્ષેત્રે અગ્રેસર એવી વીરપુર અર્બન સહકારી બેંક લી.ની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ ચૂંટણીમાં બેંકના હિત અને સુચારુ વહીવટ માટે મહીસાગર જિલ્લાના પૂર્વ કારોબારી ચેરમેન પિનાકીન શુકલ તથા બેંક ચેરમેન ભૂપેન્દ્રકુમાર મહેતાની આગેવાની હેઠળ ૧૨ સભ્યોની મજબૂત અને સુશિક્ષિત ઉમેદવારોની પેનલ જાહેર કરાઈ હતી. આ ઉમેદવારો સામે અન્ય કોઈ સભાસદોએ ઉમેદવારી ન નોંધાવતા સમગ્ર પેનલ બિનહરીફ ચૂંટાઈ આવી છે. આ નવનિયુક્ત કમિટીમાં જનરલ કેટેગરીની ૯ બેઠકો, મહિલા અનામતની ૨ તેમજ નાના અને સીમાંત ખેડૂતની ૧ બેઠકનો સમાવેશ થાય છે.

### બિનહરીફ વિજેતા ઉમેદવારો

ભૂપેન્દ્રકુમાર રમણલાલ મહેતા, માર્ગેશકુમાર ચંદ્રકાંતભાઈ શુકલ, સ્મિતાબેન ભૂપેન્દ્રકુમાર જયંતિલાલ મહેતા, દેવ્યાનીબહેન દિલીપકુમાર શુક્લ, રાજેશકુમાર મોહનલાલ જયસ્વાલ, ડો. આશિષકુમાર રતિલાલ પટેલ, પ્રજ્ઞેશકુમાર રોહિતભાઈ શુકલ, અશ્વિનકુમાર ઓચ્છવલાલ શેઠ, અશોકકુમાર મણિલાલ દેસાઈ, હરીશકુમાર ચંપકલાલ જીનગર, ડાહીબેન ચીમનલાલ પટેલ, અબ્દુલકૈયમ રસુલભાઈ શેખ.

# અપ્રુજી-દહેગામ રૂટ પર અનિયમિત બસથી રોષ

**સવારે બસ સમયસર** ન આવતાં વિદ્યાર્થીઓ બેહાલ

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૫

કપડવંજના વાત્રકકાંઠાના અપ્રુજી ગામમાં દહેગામ-અપ્રુજી એસ.ટી. બસની ભારે અનિયમિતતાને કારણે શાળા, કોલેજ અને આઈ.ટી.આઈ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે. સવારના સમયે બસ સમયસર ન આવવાને કારણે વિદ્યાર્થીઓને નાછૂટકે રજા પાડવી પડે છે. આ પરિવહન સેવાની કથળેલી સ્થિતિને કારણે વિદ્યાર્થીઓ ઉપરાંત નોકરી-ધંધા અર્થે જતા ભાઈ-બહેનો પણ રોજેરોજ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ગામમાંથી દહેગામ તરફ અભ્યાસ અને રોજગાર માટે જતા મુસાફરો રોજ સવારે બસની કાગડોળે રાહ જોઈને ઉભા રહે છે, પરંતુ બસના કોઈ ઠેકાણા હોતા નથી. અગાઉ સવારે ૧૧:૦૦ વાગ્યે આવતી એક બસ પણ તંત્ર દ્વારા બંધ કરી દેવામાં આવી છે, જેના કારણે પરિવહનની સમસ્યા વધુ ગંભીર બની છે. હાલ જે બસ સવારના સમયે દોડે છે, તેનું ટાઈમ ટેબલ પણ ખોરવાયેલું રહે છે. બસ સમયસર ન આવવાના લીધે વિદ્યાર્થીઓનું શૈક્ષણિક ભવિષ્ય બગડી રહ્યું છે.

સ્થાનિક વિદ્યાર્થીઓ અને નિયમિત મુસાફરોની માંગ છે કે દહેગામ એસ.ટી. ડેપોનું વહીવટી તંત્ર આ બાબતને ગંભીરતાથી લઈ તાકીદે યોગ્ય પગલાં ભરે અને અપ્રુજી-દહેગામ રૂટની બસ સેવા નિયમિત કરે, જેથી રોજિંદી હેરાનગતિનો અંત આવે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ચારુસેટ યુનિવર્સિટીમાં પ્રથમ 'ટીસીએસ ટેક્નોલોજી ડે' સફળતાપૂર્વક ઉજવાયો




**આણંદ |** ચાંગાની ચારુસેટ યુનિવર્સિટીમાં TCSના સહયોગથી ગુજરાતમાં પ્રથમવાર 'ટીસીએસ ટેક્નોલોજી ડે' યોજાયો હતો. જેમાં વિવિધ શાખાઓના 450થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ટીસીએસના વરિષ્ઠ નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને એઆઈ, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને બદલાતી ટેક્નોલોજી અંગે માર્ગદર્શન અને પ્રેક્ટિકલ અનુભવ પૂરો પાડવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન ઉદ્યોગ જગતની બદલાતી જરૂરિયાતો મુજબ Generative AI, ઓટોમોટિવ સોફ્ટવેર અને સાયબર સિક્યોરિટી જેવા વિષયો પર વિશેષ માસ્ટરક્લાસ યોજાયા હતા. આ સાથે જ વિદ્યાર્થીઓની પ્રેક્ટિકલ ક્ષમતા ચકાસવા માટે Hands-on AI હેકાથોન યોજાઈ હતી, જેમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

### સરદાર પટેલ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગમાં વિદ્યાર્થીઓ માટે જીવન કૌશલ્ય તાલીમ યોજાઈ



**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના ભૂતપૂર્વ પ્રોફેસર ડો. મહેશ પાઠક દ્વારા આપવામાં આવેલા રૂ. ૭૫ લાખના માતબર દાનમાંથી સ્થાપિત એન્ડોવમેન્ટ ફંડ અંતર્ગત લાઈફ સ્કીલ્સ અને સોફ્ટ સ્કીલ્સ-2026" કાર્યક્રમ યોજાયો હતો. આ વિશેષ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગમાં નવા પ્રવેશ મેળવેલા વિવિધ સેમેસ્ટરના વિદ્યાર્થીઓમાં જીવન-જરૂરી કૌશલ્યોનો વિકાસ કરવાનો હતો. આ કાર્યક્રમનું સંચાલન પ્રો. ડો. સોનલ ભટ્ટ, બાબુલાલ પ્રજાપતિ અને શ્યામ ચાવડાએ કર્યું હતું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં બેઝીક ઇંગ્લિશ પ્રેક્ટિકલ વર્કશોપ યોજાયો




**આણંદ |** બાકરોલ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન દ્વારા વિદ્યાર્થીઓમાં ઈંગ્લિશ ભાષા પ્રત્યે આત્મવિશ્વાસ વધારવા અને દૈનિક જીવનમાં અસરકારક રીતે ઈંગ્લિશ બોલવાની કુશળતા વિકસાવવા માટે 'બેઝીક ઈંગ્લિશ પ્રેક્ટિકલ વર્કશોપ ઓન સ્પોકન ઈંગ્લીશ'નું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો. પ્રભાત કાસરા અને કો-ઓર્ડીનેટર્સના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ વર્કશોપમાં વિષય નિષ્ણાત તરીકે ડો. રજનીકાંત ડોડીયા અને શ્રી કાર્તિક જગતાપે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ, તમામ ટ્રસ્ટીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા આયોજકો અને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### આણંદ કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થીએ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં તૃતીય પુરસ્કાર મેળવ્યો




**આણંદ |** જીટીયુ સ્કૂલ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાની સમર ઇન્ટર્નશિપ પ્રોજેક્ટ સ્પર્ધા 'અનુસંધાન ૨૦૨૬'માં આણંદ કૃષિ યુનિવર્સિટીની આઈએબીએમઆઈ કોલેજના ત્રણ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કૃષિવ્યવસાય ક્ષેત્રની વ્યવહારુ સમજણ અને ઉત્કૃષ્ટ સંશોધનક્ષમતાનું પ્રદર્શન કરીને સંસ્થાના વિદ્યાર્થી સુજલ આનંદે પ્રતિષ્ઠિત તૃતીય પુરસ્કાર પ્રાપ્ત કર્યો છે. આ ઉત્કૃષ્ટ સફળતા બદલ યુનિવર્સિટીના માનનીય કુલપતિ ડો. એન. આઈ. શાહ અને સંશોધન નિયામક ડો. એસ. એન. શાહ દ્વારા વિજેતા વિદ્યાર્થીને ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

### વટાદરાના શ્રી રોકડિયા હનુમાન મંદિરે પાંચ હજાર હરિભક્તોએ વ્યસનમુક્તિના શપથ લીધા



**ખંભાત |** વટાદરાના રોકડિયા હનુમાન મંદિરે આયોજિત એક કાર્યક્રમમાં આશરે પાંચ હજાર જેટલા હરિભક્તોએ વ્યસનમુક્તિના શપથ લીધા હતા. આ વિશેષ કાર્યક્રમનું આયોજન પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, ખંભાત દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થા દ્વારા લોકોમાં નૈતિક મૂલ્યો અને સ્વાસ્થ્ય પ્રત્યે સભાનતા લાવવાના હેતુથી વ્યસનમુક્તિ અંગેનો જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ ધાર્મિક સ્થળે એકત્રિત થયેલા હજારો હરિભક્તોએ પવિત્ર વાતાવરણમાં વ્યસન મુક્ત જીવન જીવવાનો દ્રઢ સંકલ્પ કર્યો હતો.

### વસોમાં તાલુકા કક્ષાના સંસ્કૃત સપ્તાહની ઉજવણી એ.જે. હાઇસ્કુલમાં કરવામાં આવી



**વસો |** રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અન્વયે સંસ્કૃત શિક્ષણના સંરક્ષણ અને સંવર્ધન માટે વસો કેળવણી મંડળ સંચાલિત એ.જે. હાઇસ્કુલ વસોમાં તાલુકા કક્ષાનો સંસ્કૃત સપ્તાહ કાર્યક્રમ યોજાયો હતો. આ ઉજવણી અંતર્ગત સંસ્કૃત ભાષાના ગૌરવને વધારવા માટે એક ભવ્ય 'સંસ્કૃત ગૌરવ યાત્રા રેલી' કાઢવામાં આવી હતી. આ પ્રસંગે વસો તાલુકાના ટી.ડી.ઓ., ટી.પી.ઓ., ગામના પ્રથમ નાગરિક દીપકભાઈ દલવાડી અને કેળવણી મંડળના કાર્યકારી મંત્રી ઉદયભાઇ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં બી.આર.સી. ભવનમાંથી બિપિનભાઈ પ્રજાપતિ, બ્રહ્માકુમારી સંસ્થાના તેજલબેન સહિત અન્ય શાળાઓના આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ જોડાઈને તેને સફળ બનાવ્યો હતો.

### આણંદની આઈ. જે. પટેલ એમ.એડ્. કૉલેજ ખાતે નવપ્રવેશિત તાલીમાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો




**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત મોગરી સ્થિત શ્રી આઈ. જે. પટેલ એમ.એડ્. કોલેજમાં નવા સત્રના સેમેસ્ટર-૧ ના નવપ્રવેશિત તાલીમાર્થીઓ માટે અભિમુખતા કાર્યક્રમ (પ્રવેશોત્સવ) યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ ડો. મયુર પરમાર અને ડો. નુસરતબેન કાદરીએ વિશેષ ઉપસ્થિત રહીને નવા તાલીમાર્થીઓને સફળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ અંગે સંસ્થાના ડાયરેક્ટર આર. પી. ભોઈ અને હેડ પ્રોફેસર યજ્ઞેશ પુરોહિતે વિદ્યાર્થીઓને ઉત્સાહપૂર્વક માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા હતા. ડો. તેજસ્વીબેન જાની દ્વારા સંચાલિત આ કાર્યક્રમના અંતમાં ડો. છાયાબેન જંગમે આભારવિધિ કરી હતી.

### કપડવંજની આર્ટ્સ અને કોમર્સ કોલેજમાં 'સંસ્કૃત દિન'ની ભવ્ય ઉજવણી કરાઇ



**કપડવંજ |** કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શાહ કે. એસ. આર્ટ્સ અને વી.એમ. પારેખ કોમર્સ કોલેજના સંસ્કૃત વિભાગ દ્વારા સંસ્કૃત સપ્તાહ અંતર્ગત 'સંસ્કૃત દિન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના ઉત્સાહી વિદ્યાર્થીઓ દ્વારા સરળ સંસ્કૃતમાં પ્રાર્થના, શ્લોકગાન, સુભાષિત પાઠ અને સુંદર કથાકથન રજૂ કરવામાં આવ્યા હતા. વક્તાઓએ સંસ્કૃતને જ્ઞાન, વિજ્ઞાન અને સંસ્કારની ભાષા ગણાવીને તેને દૈનિક વ્યવહારમાં લાવવા હાકલ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃતમાં ડો. જગદીશભાઈ પટેલે કર્યું હતું.

### ખેડા એસટી ડેપો ખાતે બ્રહ્માકુમારીઝ બહેનો દ્વારા વ્યસન મુક્તિ - રક્ષાબંધનની ઉજવણી કરાઇ



**ખેડા |** પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, ખેડા સેન્ટરની બહેનો દ્વારા એસ.ટી. ડેપોના કર્મચારીઓ માટે ખાસ વ્યસન મુક્તિ અને રક્ષાબંધન પર્વના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન સેન્ટરની બહેનોએ એસ.ટી. કર્મચારીઓને વ્યસન કરવાથી થતા નુકસાન વિશે વિગતવાર સમજ આપી ભવિષ્યમાં વ્યસન ન કરવા માટેની પ્રતિજ્ઞા લેવડાવી હતી. રક્ષાબંધન પર્વ નિમિત્તે બ્રહ્માકુમારી સેન્ટરના દક્ષાબહેન અને અન્ય બહેનોએ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ કર્મચારીઓને રાખડી બાંધીને રક્ષાપર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી. આ વિશેષ પ્રસંગે ડેપો મેનેજર એફ. એમ. મલેક સહિત એસ.ટી. સ્ટાફ અને ત્યાં હાજર મુસાફર જનતાએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### કપડવંજ તોરણા હાઇસ્કૂલમાં રક્ષાબંધન પર્વ નિમિત્તે બહેનોને શૈક્ષણિક કીટની ભેટ અપાઇ



**કપડવંજ |** કપડવંજ તાલુકાની તોરણા ખાતે આવેલી શ્રીમતી કે સી ભગત માધ્યમિક અને સ્વ કે બી પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળામાં આજે રક્ષાબંધન પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય યોગેશભાઈ પટેલે હાજર રહેલા તમામ વિદ્યાર્થીઓને રક્ષાબંધન પર્વનું વિશેષ મહત્ત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થિનીઓએ વિદ્યાર્થી ભાઈઓને રાખડી બાંધીને તેમને જીવનમાં વધુ અભ્યાસ કરવા માટે સમજાવ્યા હતા. તેની સામે વિદ્યાર્થી ભાઈઓએ પણ પોતાની બહેનોને શૈક્ષણિક કીટ ભેટ આપી પ્રોત્સાહિત કરતાં સમગ્ર શાળાનું વાતાવરણ સુંદર બન્યું હતું.

જાહેર હરાજી
આથી લાગતા વળગતા રસ ધરાવતા તમામ ઇસમોને જણાવવાનું કે, મોજે ગામ.નંદેલી તા.ખંભાત જી.આણંદ ખાતે નંદેલી ગ્રામ પંચાયત ગામ વિસ્તારની જર્જરીત આંગણવાડીનું મકાન કાટમાળ સાથે ઉતારી પાડી સમતળ કરવાનું હોઈ જેની જાહેર હરાજી તા.૦૧/૯/૨૦૨૬ને મંગળવાર ના રોજ બપોરે ૧૨ : ૦૦ કલાકે નંદેલી ગ્રામ પંચાયત ખાતે રાખવામાં આવેલ છે.જેની અપસેટ કિંમત રૂા.૧૬૨૦/-નક્કી કરવામાં આવી છે.જાહેર હરાજીમાં ભાગ લેનાર ઇસમને ડિપોઝીટ પેટેની રકમ રૂ.૨૦૦૦ હરાજી શરૂ થયા પહેલા જમા કરાવવાની રહેશે.જાહેર હરાજીમાં ભાગ લેવા ઇચ્છતા વ્યક્તિઓએ આધારકાર્ડ સાથે નિયત તારીખ અને સમયે હાજર રહેવા જણાવવામાં આવે છે.હરાજીની શરતો હરાજી સમયે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.
તારીખ : ૦૧/૦૯/૨૦૨૬ને મંગળવાર - સમય : બપોરે ૧૨ : ૦૦ કલાકે
સ્થળ : નંદેલી ગ્રામ પંચાયત, તા.ખંભાત.જી.આણંદ.
સરપંચ અને તલાટી કમ મંત્રીશ્રી
નંદેલી ગ્રામ પંચાયત તા.ખંભાત.જી. આણંદ.